# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

## વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) ભરતી વર્ષ ૨૦૨૬ની કામચલાઉ મેરીટયાદી

જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૬ ની જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા મેરીટયાદી તૈયાર કરવા માટે તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૨૬ થી જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન–લાઇન અરજીઓ માંગવામાં આવેલ હતી. જેના અનુસંધાને શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવની જોગવાઈ આધારે ઉમેદવારોની કામચલાઉ મેરીટયાદી તૈયાર કરી https://dpegujarat.in વેબ સાઇટ ઉપર તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજ ૧૮.૩૦ કલાકે પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. ઉમેદવાર મેરીટ માટે લોગિન પર ક્લીક કરી તેમના અરજીપત્રક પર દર્શાવેલ ટેટ પરીક્ષાનો નંબર અને વર્ષ, પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક, મોબાઈલ નંબર અને પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે. મેરીટક્રમ જોવા માટે લોગિનમાં મુકેલ મેરીટની લીંક પર ક્લીક કરવાથી પોતાનો મેરીટક્રમ અને મેરીટ વેબસાઇટ ઉપર જોઇ શકશે. ત્યારબાદ વાંધા અરજી લખેલી લિંક પર ક્લીક કરવાથી ઉમેદવારના અરજીપત્રકની જરૂરી તમામ વિગત જોઈ શકાશે.

(1) ઉમેદવારો તેઓના નામ, લાયકાત, કેટેગરી અને મેરીટ ગુણ વગેરેમાં જો કોઇ ક્ષતિ હોય તો ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તા.૧૦/૦૮/૨૦૨૬ થી તા.૨૦/૦૮/૨૦૨૬ દરમ્યાન તમામ ઉમેદવાર ઓન–લાઇન સુધારા પત્રક (વાંધા અરજી) ની પ્રિન્ટ મેળવી શકશે. આ સુધારા પત્રકમાં તમારી વિગત દર્શાવેલ છે તેમાં જો કોઇ સુધારો કરવાપાત્ર હોય તો જ સુધારા પત્રકમાં વિગત સુધારી જરૂરી આધારો સાથે વાંધા અરજી સ્વીકાર કેન્દ્ર પર તા.૧૩/૦૮/૨૦૨૬ થી તા.૨૦/૦૮/૨૦૨૬ (જાહેર રજા સિવાય) ના રોજ ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી આપવાની રહેશે. સુધારા પત્રકમાં નવી વિગતો ઉમેરી શકાશે નહી.

(2) જે વિગતોનો સુધારો કરવાનો હોય તેના સમર્થનમાં જરૂરી આધાર પુરાવા જોડી સુધારા પત્રક (વાંધા અરજી) ઉમેદવાર પ્રથમ અરજીપત્રક સબમીટ કરાવેલ સ્વીકાર કેન્દ્ર ઉપર રૂબરૂ જઇને જમા કરાવી શકશે. સુધારામાં રજૂ કરેલ વિગતના અસલ પુરાવા (પ્રમાણપત્ર) સિવાય વાંધા અરજી કોઇ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી. વાંધા અરજી અન્વયે કરેલ સુધારા જાહેરાતના સંદર્ભમાં સુસંગત હશે તો જ ગ્રાહ્ય રાખી સુધારો કરવામાં આવશે.

(3) શિક્ષણ વિભાગના તા.૩૧/૦૩/૨૦૨૬ના પત્રથી મળેલ મંજૂરી અન્વયે આ જાહેરાતમાં માત્ર કુલ જગ્યાઓ દર્શાવેલ છે. જિલ્લા/નગર શિક્ષણ સમિતિના રોસ્ટર આધારિત ખાલી જગ્યાની વિગતો મેળવી જિલ્લાવાર તેમજ પ્રાથમિક શાળાવાર જગ્યાઓ પછીથી વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(4) ફાઇનલ મેરીટયાદી અને મેરીટમાં આવતાં ઉમેદવારો માટે કોલ લેટર વિગેરે માટેની સુચનાઓ હવે પછી વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. તેથી ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી નિયમિત https://dpegujarat.in વેબ સાઇટ જોતા રહેવું.

(5) સદર ભરતી અંગેની સમગ્ર પ્રક્રિયા નામ. વડી અદાલતમાં દાખલ થયેલ સ્પે.સિ.એ.નં.૩૦૦૫/૨૦૨૬ તથા તેને સંલગ્ન અન્ય પીટીશનોના આખરી ચુકાદાને આધિન રહેશે તેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

(6) કામચલાઉ મેરીટયાદીમાં સમાવેશ થવા માત્રથી નોકરી અંગેનો કોઈ જ હક્ક દાવો કરી શકાશે નહી.

તા.૧૦/૦૮/૨૦૨૬
સ્થળ: ગાંધીનગર

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુજરાત રાજ્ય ગાંધીનગર